श्री हरिः

मनुष्य कर्त्तव्य.

કર્તા

ગુલાબદાસ રામદાસ

વતન દોરા તાલુકે આમોદ

હાલ સેગવામાં મ્હેતાજી

સંવત ૧૯૬૧.



મુંબઇ ભારત જીવન

પ્રેસમાં મુદ્રાંકિત.

કીંમત ૨ આના



પ્રસિદ્ધ કર્ત્તા.

રા.રા. ભુખણદાસ ત્રિકમદાસ પટેલ. જ્ઞાન બોધક સભાના પુસ્તકાલયના સેક્રેટેરી. મુ. દોરા. તાલુકે આમોદ.

આ પુસ્તક તથા "જ્ઞાન બોધક" સભાની ગ્રંથાવળી નં ૧ ઉપલે ઠેકાણેથી મળશે.

श्री हरिः

मनुष्य कर्त्तव्य.

કર્તા

ગુલાબદાસ રામદાસ

વતન દોરા તાલુકે આમોદ

હાલ સેગવામાં મ્હેતાજી

સંવત ૧૯૬૧.



મુંબઇ ભારત જીવન

પ્રેસમાં મુદ્રાંકિત.

કીંમત ૨ આના



સમર્પણ.

માન્યવંતા રાજેશ્રી પા. રામદાસ દાજીભાઈ
જ્ઞાન બોધક સભાના પ્રમુખ સાહેબ,
શુભસ્થળ—હોરા.

મારી સાથે અલ્પ પરિચય હોવા છતાં મારા પ્રત્યે બતાવેલી મમતા અને મારા ઉપર નિર્મળ પ્રેમ, સમાગમમાં આવનાર આપ્ત વર્ગ પ્રત્યે ઉદારતા, પરોપકાર કરવાની ઉચ્ચવૃતિ, દીનજનો પ્રત્યે દયાભાવ અને સદ્ મિત્રો પ્રત્યે સરળ સ્નેહ, જ્ઞાન બોધક સભાસદોને ઉત્તેજન આપવા ઉત્તમ વૃતિ આ સઘળા ઉત્તમ ગુણોથી આકર્ષણાઈ આપની સમક્ષ મારી અલ્પમત્યાનુસાર બુદ્ધિ વડે આ "મનુષ્ય કર્તવ્ય" ન્હાનું પુસ્તક આપને અર્પણ કરી કૃતાર્થ થાઉં છું તે આપ સ્વિકારશો.

લી૦ આપનો શુભેચ્છક
ગુ. રા.

गुरो ऽ र्पण

મનહર છંદ.

ગુણ જે ગ્રહીતા દીન **મણું શંકા** હિત ન્યાળી,
લાગું શીશ પાયઆવી **યાચક** વૃંદ આપનું
બહુ ગણો પિતા થકી **નીતિ** રટું સંગસારી
દો આશિષ ચેલા પ્રત્યે કૃતાર્થ હીત દાસનું
રાખું શાંતિ ગુરૂગામી નમી નમી પાયે વહું
મામ્ દેશો આત્મ વિદ્યા રટન આપ નામનું

દોહરો.

પ્રસરે શાંતિ સર્વદા ભારત ભૂમિ માંય
તિવ્ર બુધ્ધિ અર્પો તમે વાંચ્છિત પ્રાપ્ત સહાય

આપનો આજ્ઞાકીત

ગુ. રા.

મનહર છંદમાં પ્રથમ ત્રણ ચરણમાં શરૂઆતના અક્ષરો બાળબોધ લીપીમાં લખેલા છે તેથી ગુલાબ અને તેવીજ રીતે ત્રીજા અક્ષરો લીધાથી જેશીંગ એવા બે નામ નીકળે છે, તે બે બાળપણના સ્નેહમિત્ર છે, અને એકજ ગુરૂના વિદ્યાર્થી છે. અને તેવીજ રીતે આગળ ભવાની અને શંકર મળી જે સ્તુતિ પાત્ર નામ દ્રષ્ટિગોચર નિહાળવામાં આવે છે, તેઓ સદ્ ગુરૂજીએ કુદ-રતી અરપણ ચક્ષુઓને સ-તેજ કીધી તો પણ અમો બં-ને જણ આપના કૃતઘ્ની છીએ. પરંતુ આપ પિતા વાત્સલ્યાકર્ષણ રાખો છો ? અને રાખશો ?

કર્તા.

પ્રસ્તાવના.

પ્રિય વાચક સદ્દગૃહસ્થો ! આધુનિક સમયમાં અસંખ્ય પુસ્તકો આપણી દ્રષ્ટિએ પડે છે તેમાં દ્રષ્ટિગોચર કરતાં કુદરતી અભાવ ઉત્પન્ન થએલો નિહાળવામાં આવે છે તોપણ તેમાં વારંવાર મનન અને અધ્યયન કરતાં સઘળાં પુસ્તકોમાંનું વર્ણન તદ્દન નિરસ અને નિરૂપયોગી હોતું નથી, પણ વાંચક મન જેવા રસમાં ભ્રમિત થતું હોય તેવા ગુણ તેમાંથી આકર્ષી શકેછે.

જેમ એકજ કયારડામાં એકી વખતે ગુલાબ અને બાવળ રોપવાથી ગુલાબ આત સુગંધમય ફુલ આપશે અને બાવળ ઉપર કાંટા આવશે. જો કે એ રસ ગ્રહણ કરવાનાંજ ફળ છે અને મનુષ્ય ઇચ્છે તે પ્રમાણે રસ ગ્રહણ કરી શકે છે તેમ આત્માએ પરમાત્મામાંથી ગુલાબરૂપી વૃક્ષની સુગંધ લેવી. સધર્મને જાણવો તો તેથીજ તમારૂં કલ્યાણ થશે. આ લઘુ પુસ્તક છે તોપણ તેમાંથી પુરૂષ અને સ્ત્રી સર્વને સંસાર વ્યવહાર, ધર્મ, અને જ્ઞાન સંપાદન અવસ્ય થાય એવું હોવાથી એકવાર ખરીદી તપાસી મનન કરશો.

"કાંકરે કાંકરે પાળ બંધાય અને ટીપે ટીપે સરોવર ભરાય" એ કહેવત પ્રમાણે દરેક સદ્ગ્રહસ્થ ફકત એકજ નકલ ખરીદશો તો આપને ભારે પડનાર નથી, પણ કર્ત્તા પોતાનું કામ ફળિભૂત થયે અતિ હર્ષ સહીત પોતાના કામમાં મચ્યો રહેશે, આ વખત કર્ત્તાનો શ્રમ સફળ થશે તો આગળ બીજું નવીન રસમય પુસ્તક બનાવવા શકિતમાન થશે નહીં તો કર્ત્તાના મગજરૂપી ઉદ્યાનમાં ઉદ્ભવતા વિચારરૂપ અંકુરો આશ્રયરૂપી જળવિના સ્ફુરશે નહીં.

॥ सत्य मेव जयते ॥

પ્રિય સભાસદો ! આજનો વિષય મનુષ્ય કર્તવ્યનો છે, મનુષ્ય કર્તવ્ય એટલે શું તે આપણે સર્વ જનોએ સમજવું અતિફળદાયક અને સુખનો સરળ રસ્તો બતાવનાર હોવાથી તે પ્રથમ જાણવું એ આપણું સર્વનું કર્તવ્ય છે. આ દુનિયામાં જન્મ પ્રાપ્ત થતા સમયથી તે આપણી આખી સૃષ્ટિના ઉત્પન્ન કર્ત્તા શ્રી પરમાત્માની સનમુખ યમના અનુચરો અંતકાળ વખતે લઇ જાય છે અને કર્તાને હવાલે ખડો કરી દે છે, ત્યાં સુધીમાં દરેક ધર્મનાં શાસ્ત્રો અને વિદ્વાન મહાન પુરૂષો આપણને વારંવાર ચેતવણી આપે છે કેઃ હે પ્રાણી "ચેત, ચેત, ચેત," છતાં પણ આપણે તે સાંભળતા નથી. વળી આપણે આપણા કૃત્યોનો જવાબ ઇશ્વરને ત્યાં આપવો પડશે. ભાઇઓ ! ત્યાં પોપાંબાઇનું રાજ નથી, પણ ત્યાં તો એક અદલ ઇન્સાફનો ન્યાયનો કાંટો છે. પરમાત્માની રૂબરૂ આપણાં જીંદગીમાં કરેલા કૃત્યો, સુકૃત્ય અને દુષ્કૃત્યને બે પલ્લાંમાં ભરી જોખશે, ત્યારે આપણી મીંચાએલી આંખો ઉઘડશે, અને આપણાં દુષ્કૃત્યોનો આપણને પુર્ણ પસ્તાવો મરી માટે જન્મ થાય

ત્યારથી તે મરણ આવતાં સુધીમાં શું શું કામ કરવું કે આપણો ધારેલો મનસુબો ફળિભૂત કરી જગકર્ત્તાની સન્મુખ નિર્ભયતાથી વગર ધ્રુજતા પગે ઉભા રહી ઉત્તર આપીયે અને પુનર્જન્મમાં ઉત્તમ અવતાર પામી સુખશાંતિમાં દિવસ નિર્ગમન કરવા પ્રબળ થઇએ, આપણા આ જીવનનું એવું શ્રેષ્ટ પરિણામ શી રીતે આવે એવો માર્ગ બતાવવા મ્હારી અલ્પ મત્યાનુસાર જે લખું છું તે લક્ષ દઇ વાંચવા અને મનન કરવા કૃપા કરશો અને આ ન્હાનકડા પુસ્તકમાંથી જો કાંઇ પણ બોધ ગ્રહણ કરશો, તે પ્રમાણે વર્તશો અને પ્રસંગમાં આવતાં મનુષ્યોને કાંઇપણ શીખવશો તો મ્હારા આ પ્રયાસનું સાર્થક થયેલું માનીશ.

આ સૃષ્ટિમાં જગકર્તા પરમેશ્વરે જે જે ઉત્પન્ન કર્યું છે તેના ત્રણ વર્ગ મહાન વિદ્વાન જનોના ધારવામાં આવે છે. ૧ જડપદાર્થ ૨ વનસ્પતિ પદાર્થ ૩ પ્રાણી પદાર્થ. એવા ત્રણ વિભાગ કરેલા છે, તેમાં આપણે એક જાતના પ્રાણી છીએ, પણ આપણામાં સારાસાર વિચાર કરવાની બુધ્ધિ પરમાત્માએ અર્પણ કરેલી છે, તે બુદ્ધિના પ્રભાવે કરીને જેમ હંસ દુધ અને પાણી ભેગું કરેલું હોય તેમાંથી દુધ ગૃહણ કરી પાણીનો પરિત્યાગ કરે છે તેમજ આપણે મનુષ્યાવતારમાં બુધ્ધિથી સારાં કૃત્યો ગ્રહણ કરી નઠારાં કૃત્યોને વેગળા ઉંડા કૂવામાં નાંખી દેવાં કે ફરી નીકળી આપણી દ્રષ્ટિએ આવી સજડ દોસ્તી કરે નહી. આ બુધ્ધિરૂપ સદધનને લીધે આપણે પ્રાણી માત્રમાં ઉચ્ચ પંકિત ધરાવીએ છીએ અને તેજ કારણથી વારંવાર પોતાનું સાર્થક સાધતાં કાંઇપણ ગફલત ખાનારાઓ,

"એકવાર મનુષ્યાવતાર અમને આપો" એવી રીતે દ્વીકર જોડી આગ્રહ સહિત અપેક્ષાથી માંગે છે પરંતુ મનુષ્યાવતાર મળવો દેવને પણ દુર્લભ મનાય છે તો આપણાં સદ્દભાગ્ય કે આ મનુષ્યાવતાર પ્રાપ્ત થયો, માટે શું તેને વ્યર્થ કરીશું ? ના, ના, એથી અધિક સુખની સુખશાંતિ થવા અપેક્ષા રાખી સદ્કૃત્યો આચરવા ચૂકવું નહિં. નહીં તો હાથમાં આવેલો હીરો પથરા કરતાં સોંઘો કરી ગુમાવશો તો પાછળથી હાથ ઘસવાનો સમય ઓચિંતો આવશે ત્યારે પસ્તાવો કરવો નિરર્થક નીવડશે, અને ભવાટવી ફોગટ ગુમાવશો.

આ ઉપરથી આપણી આખી જીંદગાનીનાં કૃત્યોના ચાર ચાર પુરૂષાર્થ ગણાય છે. ૧ ધર્મ, ૨ અર્થ, ૩ કામ, ૪ મોક્ષ. હવે આ ચાર પુરૂષાર્થ ફળીભૂત કરવા દરેક પુરૂષાર્થમાં કેવી કેવી રીતે વર્તવું જોઇએ કે જન્મ મરણનો ભય ટળી આખરે મોક્ષ ગતિ પ્રાપ્ત કરવા સમર્થ થઇએ.

॥ **श्लोक** ॥

येषां न विद्या न तपो न दानं । ज्ञानं न शीलं न गुणो न धर्मः
ते मृत्यु लोके भुवि भार भुता, । मनुष्य रूपेण मृगाश्चरान्ति ॥

અર્થ—જે માણસની અંદર વિદ્યા નથી, તપ નથી, દાન નથી, જ્ઞાન નથી, શીલ બ્રંધ-વ્યભિચાર ગુણથી દૂર રહેનાર છે, ગુણવાળો નથી, ધર્મ જાણતો નથી, એવો મનુષ્યરૂપી મૃગ આ મૃત્યુ લોકમાં ફકત જમીન ઉપર ફરતાં જમીનને ભારે મારે છે તેનાથી બીજાને લાભ થતો નથી, માટે એવાં મનુષ્યો આ

દુનિઆની અંદર જન્મ ન પામે તેમાં અત્રેના રહેનારને લાભછે.

દોહરો.

જનની જણુજે ભકતજન, કાં દાતા કાં શૂર,
નહીં તો રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર.

આ સૃષ્ટિ ઉપર જન્મ આવે તો સારા માણુસનોજ જન્મ ઉત્પન્ન થજો.

પ્રથમ વિભાગ.

૧ ધર્મ--એ ઇશ્વરે આ સૃષ્ટિમાંના સર્વ માણસોને તારવા માટે સૃજેલો છે. ધર્મ જો પરમાત્માએ ન બનાવ્યો હોત તો સંસારનો પ્રવાહ નિતિ માર્ગને અનુસરીને ચાલત નહી. અને આ દુનિયાની અંદર આપણે ફોગટ ગોથાં ખાયા કરત, અને જે કાર્ય સફળ કરવા આ મનુષ્ય દેહે પ્રગટ થઇ, તે ધૂળમાં ધમાવી, બાંધી મૂઠીઓથી અવતરેલા તે ખુલ્લી આંગળીઓ અને છુટા હાથે ભારે પાપના પોટલાં સહીત આ આત્મા સરજનારની સમક્ષ આ દુનિઆની નોકરીનો હિસાબ પ્રત્યક્ષ બતાવવા જશે જન્મ મરણ પ્રાપ્ત થએલા માણસને અતિ દુઃખદાઇ નર્કસ્થાનમાં પડતાં ઉગારી, તે સ્થાનમાં જવા ન દેતાં, આત્માના ધારેલા પરમાત્માની સમક્ષ મુક્તિ મેળવવાનો સરળ રસ્તો દર્શાવનાર દર્પણ એવો સામાન્ય અર્થ ધર્મનો થાય છે.

આ સૃષ્ટિના સરજનાર શ્રી પરમદયાળુ પરોપકારી પરમાત્મા-એ જ્યારે આ સૃષ્ટિ ઉત્પન્ન કરી ત્યારથીજ ધર્મ ઉત્પન્ન કરેલોછે, એમાં સંકલ્પ વિકલ્પ કરવા સરખું બિલકુલ છેજ નહિ. પરમા-ત્મા અને સૃષ્ટિજન એ બંનેનું ભાન થવા માટે સૃષ્ટિ ઉપર સર્વ જાતનાં પ્રાણી ઉત્પન્ન કરેલાં છે, તેમાં શ્રેષ્ટ પંક્તિ ધરાવનાર જે

મનુષ્યાવતાર તે પોતાનામાં બુદ્ધિરૂપી તત્વ બક્ષિશ મળ્યાથી શ્રેષ્ટતા અનુભવે છે, કારણ પોતાના બનાવનારનું જ્ઞાન કરાવનાર બુદ્ધિ છે તેથી પોતાનું પ્રિય અને હિત સફળ કરે છે.

રાત્રે ઘરના ઓરડામાં દીવો સળગાવેલો ન હોય તો અંધકાર ભાસશે પરંતુ એક નાના સરખા દીવાથી આખા ઓરડાના ભાગમાં અજવાળું અજવાળું થઇ રહેશે, તેમ માણસની બુદ્ધિ રૂપી ઓરડાને અજવાળાથી ભવ્ય બનાવનાર દીવો તે ધર્મ છે. એ ગુણ ઇશ્વરે ન આપેલો હોત, મતલબ કે ઉત્પન્ન ન કર્યો હોત. તો આખી સૃષ્ટિ સુનકાર દેખાત, માટે બુદ્ધિનાં સુગંધમય કિરણો ચોપાસ પ્રવર્તાવનાર અવસ્ય ધર્મ છે. એમાં બેશક અતિ શયોક્તિ કરવા સરખું છેજ નહીં.

સત્ય અને નિતિ એ ધર્મનું શરીર છે. તેથીજ ચોરી. જૂઠ, વ્યભિચારાદિ અસત્યાચરણાદિ તિરસ્કાર કરી સર્વદા સદાચરણના રસ્તે પ્રવર્તવાની સરળ બુદ્ધિ ધર્મ ઇચ્છે છે, માટે જેમ સુપડામાં દાણા ઝાટકવાથી જેમ હલકા પદાર્થો ઉડી જાય છે અને ભારે પદાર્થ ખપના અંદર રહે છે. તેમ સદબુદ્ધિ ભારે પદાર્થ ગ્રહણ કરી હલકા પદાર્થો જે અસત્યાચરણો ફોતરાં અને કાંકરાની માફક તડાક ફેંકી દે છે, તેમ ખરાબ વર્તણુકો પાસે ન આવવાની દરેક માણસે અતિશય લક્ષ પૂર્વક કાળજી રાખવી. જો દરેક માણસ પોતાની ઉન્નતિ ઇચ્છતો હોય તો અસત્યાચરણો પાસે આવી ગાઢો સ્નેહ ન થાય પણ સત્યાચરણોની સારી સંગતિ રાખી સ્નેહમાં વધારો કરવા ચૂકવું નહિ. દરેક માણસની બુદ્ધિમાં ધર્મ પોતાનું સ્થાન કરી વિરાજીત રહેલો છે, પણ જેની બુદ્ધિએ સદાચરણોરૂપી સરળ રસ્તો જાણ્યો નથી, જેનું સેવન કર્યું નથી,

અને પાપકર્મથી પોતાની બુદ્ધિ નિર્મળ રાખી નથી, તેનાથી અને તે સ્થાનથી ધર્મ અસંખ્ય કોષ દૂર રહે છે માટે સર્વદા સર્વ સ્થાને પોતાના સમક્ષ હાજરા હજુર ધર્મને રાખવાનો સરળ ઉપાય તેના નિયમો નીચે દર્શાવેલા છે. તે સૂતાં, બેસતાં, ઉઠતાં અને દરેક ક્રિયા આરંભતાં પણ અંતઃકરણમાંથી વિસારવા નહીં. તે દરેક માણસે ધ્યાનમાં રાખવા ચૂકવું નહીં.

૧ જૂઠું બોલવું નહીં. ૨ હિંસા કરવી નહીં, ૩ ચોરી કરવી નહીં. ૪ મનવશ રાખવું. ૫ અંદર બહાર પવિત્ર રહેવું. ૬ ઈંદ્રિઓને જીતવી. ૭ વિદ્યા જાણવી. ૮ પરમેશ્વરની ભક્તિ કરવી. ૯ સર્વ કાર્યમાં ધીરજ રાખવી. કામ કરવાની ટેવ રાખવી ૧૦ શરણે આવેલા મનુષ્યોને કરેલા અપરાધની ક્ષમા કરી ભ્રાતૃ શમાન ગણવો ૧૧ બાહ્ય ઇંદ્રિઓને કષ્ટ આપી બળવાન કરવી. ૧૨ કોઇની વસ્તુ જાણે અજાણે લઇને પોતાનો સ્વાર્થ કરી લેવાની તૃષ્ણા રાખવી નહીં. ૧૩ બહારથી શરીર વિગેરે સ્વચ્છ રાખી અંદરથી પણ નિર્મળતા રાખવી. ૧૪ અંતરની ઇંદ્રિઓને નિયમમાં રાખી તેને અયોગ્ય કાર્યમાં જવા દેવી નહિં. ૧૫ નિરંતર સદ્બુદ્ધિથી સત્યાસત્યનો યથાર્થ નિર્ણય કરવાનો અભ્યાસ રાખવો. ૧૬ જે વિદ્યાથી માનસિક અને બુદ્ધિ જ્ઞાનની ઉન્નતિ થાય તે વિદ્યાનું અધ્યયન કરવું ૧૭ સર્વ કાર્યોમાં સત્યથી વર્તવાનો નિરંતર અભ્યાસ રાખવો. ૧૮ ક્રોધને પોતાના સ્વાધિનમાં રાખવો. તેની સત્તામાં જવું નહીં, ૧૯ હમેશાં જાગૃતિમાં રહેવું, ૨૦ ગઇ વસ્તુનો પશ્ચાતાપ કરવો. નહીં.

સર્વ મનુષ્યોના કર્ત્તા અને સૃષ્ટિના સરજનાર પરમ દયાળુ પરોપકારી પરમાત્માએ દરેક માણસની બુદ્ધિમાં ધર્મ મૂકેલો છે

પણ તે દરેક માણુસની બુદ્ધિમાં છે એમ સ્પષ્ટ દ્રષ્ટિએ દેખાતો નથી. જેમ દરેક પદાર્થમાં અગ્નિ ગુપ્ત રીતે રહેલો છે પણ તે દ્રષ્ટિએ પ્રત્યક્ષ દેખાતો નથી તેમ દરેક માણસની બુદ્ધિમાં ધર્મ અગ્નિની માફક ગુપ્ત પ્રકાશ રાખી બાહ્ય દ્રષ્ટિએ પ્રત્યક્ષ દ્રશ્ય થતો નથી, તેને પ્રત્યક્ષ કરવા ઉપરના વીશ કારણો સહાયભૂત છે, તે દરેક માણસે વારંવાર અધ્યયન કરવા ચૂકવું નહીં, કારણ કે આ મનુષ્યાવતાર આપણા કર્ત્તાએ પૂર્વ જન્મ ઉગ્ર સદ્ધાચારો અને દુર્લભ કષ્ટો સહન કરી આચરવાથી અને હવેથી એથી અધિક સદાચાર આચરવાની બાંધણીથી આ અતિ દુર્લભ જન્મ લભ્ય થયો છે. તે ફોકટ ધુળમાં ધમાવી હાથમાં હીરો આવેલો પથ્થરાની માફક ધુળમાં ફેંકી દઇ પાપના પોટલાં સહિત આપણા બનાવનારની સમક્ષ જઇશું ત્યારે આપણને આપણાં કૃત્યોનું ભાન થશે. તે સમયે કેટલો પરિતાપ અને પશ્ચાતાપમાં આવી પડીશું તેનો વિચાર હે સુજ્ઞ જનો! તમે કરો છો? મીચેલી આંખોએ ન ફરતાં ઉઘાડી તપાસ કરો કે આખરે આવા દુઃખમાં આવી પડતાં છુટકારાંનો વખત મળે.

પ્રિય બંધુઓ! કહેવત છે કે “જ્ઞાની ગબડે અને ભણ્યો ભૂલે” તેમ આપણે કરવાનું નથી, માટે તત્પર તરવારની ધાર-પર રહો, અને આપણી નોકરીનો તપાસ કરનાર આપણને અણચિંતવ્યો એકદમ બોલાવશે તે વખતે આળસમાં ગુમાવેલા અમુલ્ય વખત માટે પશ્ચાતાપ કરવાનો સમય ન આવવા દેવો એ પ્રથમ આપણું કર્ત્તવ્ય છે. તે નિદ્રામાં વિસરવું નહીં, પણ દરેક માણસે ઉન્નતિ થવાની આશા રાખવી કે આ જન્મ કરતાં પણ અધિક સુખના ભોક્તા થઇએ. કુબુદ્ધિ પરહરો. અને સુબુદ્ધિ

સાહી રાખો, સુબુદ્ધિમાં ધર્મ વાસો વસે છે અને કુબુદ્ધિ નઠારાં આચરણ આચરે છે એટલે કુબુદ્ધિથી સારાં ફળ પ્રાપ્ત થવાનો દાબડો હાથે કરી બંધ કરી દેવાય છે, તેમ નહીં થતાં મીચેલી આંખો જાગૃત કરી જુઓ કે જે અમુલ્ય વખત ટુંક આયુષ્યમાંથી ઘટે તે ફરી હાથ લાગવાનો નથી.

“ નીતિમાં નારાયણ વસે છે” તે માફક નીતિ નિયમાનુસાર વર્તણુંકથી આપણા ઘરમાં ધર્મરાજ પ્રવર્તે છે. અને અનીત્યાચારથી–એવી નઠારી વર્તણુંકથી–અધર્મરાજ પ્રવર્તે છે, અહિંસા, સત્ય, પરોપકાર, ઇંદ્રિજીત, ક્ષમા, દયા, નીતિ, ઇશ્વર ભક્તિ, સદ્દુદ્યોગ, સદ્દમૈત્રી અને મહાન પુરૂષોનાં બનાવેલાં જ્ઞાન પ્રાપ્ત થાય એવાં રસીક પુસ્તકો આદિ ધર્મના કાર્યભાર ચલાવનારાઓનોજ સતસંગ કરો, અને હિંસા, અસત્ય, ચોરી, લોભ, કોપ, દ્રોહ, નિદ્રા, ઇર્ષા, આળસ, વૈર, ભરત્વાદિ અધર્મના કાર્યભાર ચલાવનારાઓનો તો સંગ સ્વપ્નામાં થતો હોય તોપણ તે થવા ન દેવો.

જ્યારે સૃષ્ટિમાં ઘણા માણસો ધર્મિષ્ટ થાય છે, ત્યારે ઉન્નતિ થવાનો સંભવ છે, અને અસંખ્ય પાપી માણસોની સંખ્યા વધતી દ્રષ્ટિએ માલમ પડે છે ત્યારે આ સૃષ્ટિના જનોને સ્વર્ગ સુખ પ્રાપ્ત ન થતાં નર્કાધિકારી થવાનો માર્ગ ખૂલો દેખાડી આપવાનાં વાસેલાં દ્વાર હાથે ઉઘાડવાની પ્રેરણા થાય છે. કુસંગતિ એતો કુબુદ્ધિ મીત્ર તરીકે છે. તેનો હાથ પકડવાથી સારા ફળના ભક્ષ કરતા નીવડીએ છીએ. એવો હળાહળ વ્યાપી રહેલો વખત કળીયુગ જેને કવિ લોકો કલહયુગની ઉપમા આપે

છે તેજ છે. પ્રિય બંધુઓ ? હાલનો સમય એવો નથી, હાલતો ચાર યુગમાંનો જે સત્ય યુગ જે સ્વર્ગનાં દ્વાર ઉઘાડાં કરી રસ્તો સરળ દેખાડી આપે છે તે સમય છે. કારણ અંધાધુધીનો સમય તો ભારત ભૂમિમાં અસલ ક્ષત્રિય રાજ્ય કરતાઓએ કુબુદ્ધિનુ સેવન કરવાથી પોતાનું પરાપૂર્વનું ચાલતું આવેલું મહત્વ હાથે કરી ગુમાવ્યું. અને સ્વતંત્ર હક ખોઇ પોતે અને પોતાની પાછળ ઉછરતી સંતતિને પણ પરતંત્રતાની ઝુંસરીમાં નાંખી છે. અને ભવિષ્યમાં થનારા અતિ લોભી, રાજ્ય કર્ત્તાઓએ આપણી સ્વદેશ ભૂમિમાં રાજ્ય ચલાવી આપણા પ્રિય બંધુઓને અતિ કષ્ટો સહન કરવાં પડયાં. ખરૂં જોતાં તો તેજ સમયને ખરો કળીયુગ કહીએ તો અતિશયોક્તિ નથી, પરંતુ હાલનો સમય તો સર્વ માન્ય મહારાજાધિરાજ સાતમા એડવર્ડનું સત્ય યુગનુંજ રાજ્ય છે. આ રાજ્યમાં આપણે જાનમાલના સંરક્ષણ સહિત સુખ શાંતિમાં દિવસ નિર્ગમન કરીયે છીયે. આપણે સર્વ જનો, પૂર્વેના ભાઇઓ જે કષ્ટ સહન કરવાના સમયમાં ઉછરેલા તેઓના કરતાં પ્રારબ્ધમાં ચઢતા છીએ, માટે તેનો ચઢતો ફાંકો ધરાવવાનો સમય ફોગટ "હરીભટ વડોદરૂં" ન થવા દેતાં સાર્થક કરવાપર તન અને મન સહિત તત્પર થાઓ ! અને ખરા રાજ્ય ભક્ત બની પરમાત્માના ભક્ત બનો તેમાં આપણું સર્વ સાર્થક સમાએલું છે, હાથમાં આવેલી બાજી જવા દેશો તો બારેવાટ થઇ રવડશો, અને ઉંદરને ઝડપી લેવાને જેમ બિલાડી તલપ મારવા તાકી રહે છે તેમજ આપણા ઉપર કાળ ભમે છે તે અચાનક પકડી જશેજ. માટે સાવધ ન રહો ! ગાફલ બનો નહીં.

રાગ ચાબખાનો.

જુઠી માયા જુઠો સંસાર, જુઠાં કૃત્ય આચરે;
મન તું શીદ કલ્પના કરે, કૃષ્ણને કરવું હોય તે કરે. (ટેક)
એક વાગ્યો, બાર વાગશે, વખત પૂરો થાશે;
અંતકાળતો આવી પહોંચ્યો, દૂત લઇને જાશે.—મન તું ૧
આવ્યા ત્યારે કાંઈ ન લાવ્યા, જઇશું ત્યારે શું લઇશું;
મુઠી વાળી હસ્ત છુટા, પાપનું પોટલું દઇશું. " ૨
બુદ્ધિ મારી ભ્રષ્ટ થઇ છે, અંતરમાં ચિંતા નડતી;
મતેદાસને નષ્ટ બનાવ્યો, કાચીના ચીરંમતી. ૩
ખોદવાવાળો ખાડે પડશે, વાવે તે લણવું પડશે;
દાસવલ્લભનો વાણી ઉચ્ચરે, ફૂલ્યો અંતે ખરશે.—મન તું ૪

[ગુ૦રા]



બીજો વિભાગ.

અર્થ-એટલે ધન પેદા કરવું એ બીજો પુરૂષાર્થ છે, એ પુરૂષાર્થરૂપી બળ જેની પાસે હોતું નથી, તેને પોતાનું ઘર સંસારરૂપી નાવ, આ દુનિયારૂપી સમુદ્રમાં હંકારતાં ઘણી અડચણો આવી પડે છે. એટલે આ સૃષ્ટિમાં કાંઇપણ નજીવું કામ કરવામાં પણ ધન જોઇશું, અને તેની સહાયતા નથી હોતી ત્યારે તે વિના પોતાનું કામ પાર પાડવામાં કેટલી હરકતો વચમાં આવી દુઃખ કરતા થઇ પડે છે. તે વિષે આપણા પ્રિયબંધુઓમાંના ઘણા જણાઓને અનુભવ સિદ્ધ થએલું છે. એટલે તેનું વર્ણન કરવાની અત્રે જરૂર નથી. પણ આ બીજા પુરૂષાર્થની અતિ આવશ્યક્તા છે, અને આપણામાં ચાલતી કહેવત છે કે "વસુ વિના નર પશુ" તો આને અનુસરીને આપણે પણ દ્રવ્ય સંપાદન કરવા અવશ્ય કાળજી રાખવી, તેમાં પહેલા પુરૂષાર્થને બાધ ન આવે એવી રીતે નીતિને માર્ગે અનુસરીનેજ દ્રવ્ય ઉપાર્જન કરવું. લોભથી કે અનીતિથી દ્રવ્ય મેળવવાની પ્રેરણા રાખવી નહીં, ત્યારે દ્રવ્ય મેળવવાનો ખરો રસ્તો કયો હશે? તો તેના ઉત્તરમાં ફકત ઉદ્યોગ.

સ્વતઃ દ્રવ્ય મેળવવાનો મુખ્ય ઉપાય ઉદ્યોગ છે. સર્વત્ર મનુષ્ય માત્રે ઉદ્યોગ આચરવો. હવે ઉદ્યોગ કરવો એટલે ફકત ઇંદ્રિઓને કાંઇપણ કામમાં જોડાતી રાખવી એટલે ઉદ્યોગ કર્યો તેમ નથી, પણ સદુદ્યોગ આચરવા મનુષ્ય માત્રે અવશ્ય પ્રયત્ન જારી રાખવો અને પ્રથમ પુરૂષાર્થમાં જે ન કરવાના ઉદ્યોગ ગણાવેલા છે તે પરહરીને સદુદ્યોગનો આરંભ, ફરી ફરી નિષ્ફળ નીવડતાં છતાંએ જારીજ રાખવો.

વળી ઉદ્યોગ કરવો તેમાં એકલા તનના ઉદ્યોગથી જે ફળનો લાભ મેળવાય છે તેના કરતાં તનની સાથે મનને સહાય ભૂત કરવાથી અધીકાધીક ફળપ્રાપ્ત થાયછે. માટે જો વધારે ફળની આકાંક્ષા રાખતા હોય તો વિદ્યાદેવીજીનું સ્મરણ કરો. અર્થાત, વિદ્યા વિના ઉદ્યોગમાં આગળ પડાશે નહીં. માટે પ્રથમ અવસ્થામાં એટલે બાલ્યાવસ્થામાં વિદ્યા ભણવી, બાલ્યાવસ્થા, ખેલ ખેલવામાં કાઢવાનો નથી, પણ ભણવાનો સમય પેહેલાં વીશ વરસનો છે. તે અવસ્થામાં ભણ્યા તો ભણ્યા, બાકી વીશ વરસ પછી તો ગધ્ધા પચીસી આવે છે. તેમાં વિદ્યા ભણવાનાં કોડીઆં દેખાયછે. તો પ્રિય બંધુઓ! આપણો ભણવાનો વખત વહી ગયો છે, પરંતુ આપણી પાછળ થનારને વિદ્યા ભણાવવા .ખસુસ ધ્યાન રાખવું કારણ કે અજાણ્યા રસ્તે જતાં ભોમીઓ લેવો પડે છે તેમ વિદ્યાએ ઉદ્યોગને રસ્તો બતાવનાર ભોમીઓછે, અને ભોમીઆ વિના વિકટ માર્ગમાં અંધારી રાત્રીએ અહીં તહીં ગોથાં મારવાં પડે છે, તેમ ઉદ્યોગમાં વિદ્યા વિના કંટાળો ઉપજાવે છે. વળી ઉદ્યોગમાં તનની મહેનત કરતાં મનની મહેનતની રોજી અતિશય વધારે હોય છે. તે આપણામાંના ઘણા ભાઇઓના જાણ્યામાં

છે. "એક બે આનાનો મજુર અને એક વકીલ" તેમાં મજુર આખો દિવસ તન અને મન સહિત ખરી રીતે અતિશય પરીશ્રમ લઇ થાક લાગે એટલો ભાર ઉપાડી યત્ન આદરશે અને વકીલ ફક્ત બેજ બોલમાં હજારો રૂપીઆ છોડાવશે, ઓહો ! શું વિદ્યા દેવીજીનું મહાત્મ !

માટે વિદ્યા ભણવી એ આ કર્તવ્યનું પ્રથમ પગથીઉં ચઢતાં આવડયું તો પછી બીજું પગથીઉં તેનીજ સહાયતાથી ઝટ ચઢવાને સુગમ અને સરળ થશે.

આ પુરૂષાર્થમાં અર્થ એટલે ફક્ત રૂપીઆ મેળવ્યા તેજ ધન છે એમ સમજવાનુ. નથી, પણ રત્ન, વસ્ત્ર, ધાતુ, ભૂમિ ઘર, ધાન્ય, માણસ, પશુ, વિદ્યા, ગુણ વગેરે ધન છે. તેમાં અધીકાધીક દર્શક ધન, એ સર્વમાં ઉત્તમ પંક્તિ ધરાવનાર વિદ્યા છે. વિદ્યાની કીંમત સજ્જન પુરૂષોમાં થાય છે. વિદ્યાહીનજનોમાં તેની કીર્તિ દેવતાની માફક સમાઈ રહે છે.

ઉપર જે ધન ગણાવેલાં તેમાં વિદ્યા સિવાય બાકીનાં બધાં ધન દ્રવ્યથી મેળવી શકાય તેમ છે પણ ધન ખરચતાં વિદ્યા બજારમાં વેચાતી મળતી નથી, તે તો બાલ્યાવસ્થામાં અતિ શ્રમ લઇ અસંખ્ય કષ્ટો સહન કરવાથીજ પ્રાપ્ત થાય છે. સુખમાં વિદ્યા સંપાદન થતી નથી, વળી એ ધન એવું છે કે ભ્રાતૃનો ભાગ પડતો નથી, ચોર લૂંટારાથી લૂંટાય નહીં. અને રાજા ક્રોધાયમન થવા છતાં તેનાથી લેવાય નહીં, વળી અગ્નિમાં કોઇ વસ્તુ રહેતી નથી પણ વિદ્યાને અગ્નિનો સ્પર્ષ લાગતો નથી, બીજાં સર્વ ધન વાપરવાથી ખુટી જાય છે પણ વિદ્યામાં એવો સર્વોત્તમ ગુણ છે કે જેમ જેમ વધારે વપરાશમાં આવે તેમ તેમ તેમાં વધારો

થતો જાય છે,માટે વિદ્યારૂપી ધન સઉ કરતાં પ્રથમ મેળવવું પરંતુ વિદ્યાદેવીનું સ્થાન એવા દુર્ઘટ સ્થાનમાં આવેલું છે કે બધા પ્રાણી માત્રમાંથી ફક્ત થોડાજ માણુસો તે દેવીના આશીર્વાદને પાત્ર થવા પામે છે.

ધન ઉપાર્જન કરી સર્વનું પોષણ કરવું. પોષણ કરનારી વસ્તુ ધન મેળવી રાખેલું ન હોયતો અતિવેદનાઓ વેઠવી પડેછે, માટે ઉપજ કરતાં ખરચ કમી કરવો. તેમ નહીં કરે અને આવક નો અડસટો રાખ્યા વિના જાવક વધારે થશે તો કાળાંતરે નિર્ધન-તાને વશ થવું પડશે. નિર્ધનતા દરિદ્રતાને તાણી લાવશે, માનહીન બનાવશે અને એ વ્યાધિથી એવી સખતમાં સખત વેદના ઊગી નીકળશે. તેના અંકુરની સ્ફુરતામાં એવોગુપ્ત અગ્નિ સમાએલોછે કે આપણા અંતઃકરણને બાળી બાળી આખરે શરીર અતી દુ-ર્બળ કરી નાંખશે. શરીર દુર્બળ થયું કે આખરે કમાઈથોડી થશે માટે આપણા શરીરને આરોગ્ય તનદુરસ્તીમાં રાખવાને અને સઘળી ચીજનો વિનિમય કરવાને, તેમજ વૈભોગ સઘલી રીતે સુખશાન્તિમાં ભોગવવાને ધન ઉપાર્જન કરવાની જરૂર છે. માટે ધન ઉત્પન્નકરવા દરેક જને ધ્યાન આપવું.

"સો કસર અને એક ફસલ" આ આદિ અંતથી ચાલતી આવેલી સાદી ગાથા ખોટી ગણી તેનો તિરસ્કાર કરવાનો નથી. આ કહેવત પ્રમાણે આપણી ખેતીની અતિ ભારેપેદાશ જે દેશાંતર ના લોકો હિંદુસ્તાનમાં કાચું સોનું પાકે છે એમ પરાપૂર્વથી માને છે તેને આપણાં જ્ઞાન વિનાનાં મુંઢ બૈરાં કેટલાકની આખા વરસની પેદાસ થોડાકાળમાં સુપડે અને ટોપલીએ ચઢાવી ખાણી ખદ્દોળી ફના મુકામ કરી ઉડાવી ફકીરી અવસ્થામાં આવી

પડે છે અને ડાહીમાની દીકરી શેઠાણીઓ એ કહેવતનું અનું સંધાન અને વારંવાર મનન કરી કરકસરથી સુખ શાંતીમાં પોતાનો અને પોતાના કુટંબ કબીલાને આનંદોમાં દીવસો નિર્ગમન કરતા આપણે નિહાળીએ છીએ તેનું મુળ કારણ શોધીએ તો કરકસર વિના બીજું કાંઇ નથી અને એની સાથે "ત્રેવડ ત્રીજો ભાઇ" પણ ભુલવાનું નથી, આ બંને કહેવતોને અનુસરીને ચાલવાથી ઘણા જણને લાભ થાય છે અને અવસ્ય થશેજ એમાં બેશક નવાઇ નથી.

ધન વિનાનો માણુસ ગુણનો જાણુવાવાળો હોય, મોટો હોય, પ્રિયવકતા હોય, ડાહ્યો હોય, પણ તે લોકોને પ્રિયકર થતો નથી, આ સૃષ્ટિમાંના સર્વ જનો એવું સમજે છે કે સર્વ સારા ગુણો ધનની અંદર સમાએલા છે.

श्लोक*

यस्यास्ति वित्त सनरःकुलीनः सपंडितःसः श्रुतिमान् गुणज्ञः
स एव वकता सचदर्शनीय सर्वेगुणाः कान्चमा श्रयन्ते

જે માણુસ કષ્ટ સહન કરે પણ મનની અંદર કિંચિત દુઃખ આણે નહીં, ડહાપણુવાળો હોય વળી વહેલો ઉઠી ઉદ્યોગ આરંભે, આળસ તજે, અને નીતિને માર્ગે અનુસરી પરમેશ્વર પર પ્રીતિ રાખે તેજ આધભૌકિતક સુખ પ્રાપ્ત કરે છે.

પોતાના વંશમાં રહે એવા દીકરા, જેવડે જીવિકા સંપાદન કરી શકાય એવી વિદ્યા, રોગવિનાનું શરીર, સજ્જનની સંગતિ, મનપસંદ અને વંશમાં વર્તે એવી ભાર્યા, એ પાંચ દુઃખરૂપી ઝાડનાં મુળ ઉંડાં નાખેલાં હોય તેને ઉખેડી નિર્મૂળ કરનાર સમર્થ ઔાષધની બુટીઓ છે.

---

* માર્ગોપદેશીકા પ્રથમ પુસ્તક.

દ્રવ્યનોજ સંગ્રહ કરવામાં રાત્રિ દીવસ તમારૂ આયુષ્ય ગાળો, પરંતુ આખરે આપણુને માલુમ પડશે કે આપણે જે દ્રવ્ય જેવાં કે રત્ન, માણેક, સુવર્ણ, માલમીલકત વિગેરેનો પુષ્કળ સંચય કર્યો છે, તોપણ વાસ્તવિક સંપતિ જે આપણું આત્મધન, સતધન છે, જે હીરા, માણેક આદિ આ સૃષ્ટિ ઉપરનાં રત્નો કરતાં પણ અધીક અનંતગણું મુલ્યવાન છે અને જે આ ભવાટવીના અનંત પ્રવાસમાં આપણી સાથેનું સાથેજ નિરંતર રહેશે તેને આપણે ધુળમાં રગદોળી નાખ્યું છે અને જે છેવટે સ્પષ્ટ માલમ પડશે કે ખોટું ધન જે કાંકરા જેવું તેનો અતીશય શ્રમ કરી આગ્રહ સહિત સંચય કરેલો છે, અને સાચું ધન જે ખરાં રત્નો બરોબર હતું તેની ઉપેક્ષા રાખી નહિ માટે ખોટા ધનને છોડીને આત્મધન સાહી રાખવા યત્ન જારી રાખો કે દુઃખના વખતમાં સંચય કરેલું ખોટું ધન મદદમાં આવશેજ નહિ અને ખરૂં ધન આત્મધન અંતઃકાળ સમયે દુઃખમાંથી ઝાલી બહાર આણુનાર છે માટે સત્વર આત્મધનનીજ અંતઃકરણની અંદર અપેક્ષા રાખો.

ત્રીજો વિભાગ.

ત્રીજો પુરૂષાર્થ કામ છે. તે કામ પોતાની સ્ત્રીને વિષે રહેલો છે. પરમેશ્વરે સૃષ્ટિ ઉત્પન્ન કરવા પુરૂષ અને સ્ત્રી જાતિ, પ્રાણી અને વનસ્પતિમાં બનાવેલાં છે. નરનારીને વિધિ સહીત પરણવાનું શાસ્ત્રાનુસાર કહેલું છે, તે પ્રમાણે વિધિ પૂર્વક પરણવું. એવી રીતે પરણેલાં જોડાંએ એકમેકમાં ગાઢ સ્નેહ બાંધવો, વ્યભિચાર કરવો નહીં. પરણેલાં સ્ત્રી પૂરૂષ બંને મળે તો દંપતી કહેવાય છે, તેમના દેહ ફકત જુદા જુદા છે, પણ બંનેનો એકજ દેહ સમજવાનો છે. એવી રીતે એકજ છે એમ સમજીને વર્તવાથી સંસારસાગરમાં પ્રવાસ કરવા નીકળેલું નાવ, ભગસાગરમાં સહીસલામત કાંઠે પહોંચાડશે. પરસ્પર કલહ કરવા થી વિઘ્ન ઉત્પન્ન થાય છે, સંપથીજ સંપતી ઉત્પન્ન થવાની આશા છે. એક બીજાનો સ્વભાવ ભિન્ન રહેવાથી કુસંપ થઈ એક ચિત્ત થવામાં ઘણોજ અંતરાય થઇ પડે છે, એવા દરમ્યાનમાં સંતતીની આશા રાખવી નિરર્થક છે, માટે સઘળું સુખ દંપતીનાં સુસંપ થવામાંજ સમાએલું છે, એમાં શંકા આણવા જેવું છેજ નહીં.

સંતતી ઉત્પન્ન થાય તેનું પાલણ પોષણ, પૂરૂષ અને સ્ત્રી બન્નેએ મળી પોતાની આવકમાંથી કરવું. તેની ચોકસાઇ રાખવા દંપતી માથે શાસ્ત્રોને અનુસારી ફરજ છે. તેઓને વિદ્યા ભણાવવી, પોતાનીજ ભાર્યા વિષે સંતતી ઉત્પન કરનારનીજ આબરૂ છે, વ્યભિચારી સ્ત્રી અને તેવા પુરૂષનું તો મોઢું જોવું શાસ્ત્રમાં મના છે. એવું મહાન પુરૂષોનું વારંવાર કહેવૂં છે તે મિથ્યા નથી, માટે પોતાની સ્ત્રી સિવાય બીજી સ્ત્રી સાથે વ્યભિંચાર કરનારને હજારવાર ધિઃકાંર છે. આ સૃષ્ટિમાં તેવા કામી પુરૂષો અને સ્ત્રીઓને કેટલાં અઘટિત કૃત્યો વારંવાર આચેરવાં પડે છે તે આપણે પ્રત્યક્ષ અનુભવથી જાણીએ છીએ કે તેવાં સ્ત્રી અને પુરૂષો આ સૃષ્ટિમાં ધિઃકાર સહીત તિરસ્કાર પાત્ર થાય છે, તો નિષ્પક્ષપાતિ પરમાત્મા જે અદલનો ઘંટ લટકાવી ઇનસાફ કરનાર છે તે ન્યાયાધિશ સમક્ષ, એવાં ખોટાં કૃત્યો કરનારાઓની શી ફજેતી લુટાશે? અલબત, ઇંગ્રેજ સરકાર ભારેમાં ભારે મોતની શિક્ષા કરે છે તો તે શિક્ષા ઘણીજ સારી છે, કારણ તેથી ઝટ જીવ જાય છે, પણ આ તો એવા કર્મ-વાળાઓને માટે શું સજા નીમશે તે અલ્પજ્ઞાનીથી નિર્ણય કરી શકાય તેમ નથી પણ એટલું તો સ્વિકારવામાં આવે છે કે ભારે શિક્ષા થશે, થશે, અને થશેજ. માટે સર્વ સુજ્ઞ બંધુઓ! અને સભાજનો! આવા ખોટા કર્મથી ડરો! તેનો તિરસ્કાર કરો, પાછા હઠો, અને છેવટે સુરદાસની પેઠે પોતાના હાથથીજ આંધળા બનો કે એવાં પાપથી મુકત થઇ છેવટના પોટલામાં વજન ઓછું થાય, તેમ વર્તો.

આ સૃષ્ટિના નિયમ પ્રમાણે મુખ્ય સગાં મા, બાપ, ભાઇ,

ભત્રીજા, કાકા, આદિ છે, પણ પાછળથી જેની સાથે બિલકુલ સગાઇ નહીં, ઓળખાણ પણ નહીં, અને સ્વપ્નામાં એ સંબંધ થવાની આશા કોઇ દિવસે રાખેલી નહીં, તેમ છતાં સંસારરૂપી સાગરમાં એવી માયારૂપી મોહનીમાં એવા લોભાઇ જાય છે કે પોતાનાં અસલ જે કુદરતિ સગાં, તેનો સ્નેહ તજી, ખોટી સગાઇની વૃધિ સજડ માયારૂપી રેવણથી ચોંટી જાય છે અને ગાઢો સ્નેહ એવો એકમેકના જીવિત પર્યંત વિખુટાં પડવામાં દુઃખ સમજે છે.

સંસારમાં સ્ત્રી મુખ્ય છે, બીજાં સર્વ તેની પાછળછે, મનુસ્મૃતિના ત્રીજા અધ્યાયમાં લખેલું છે કે " સ્ત્રીઓની પુજા અને આદર સત્કાર કરવાનો મહિમાછે„ પિતા, ભાઈઓ, દિઅર, પતિ, ઈત્યાદિઓએ વસ્ત્રાલંકાર અને ભોજનાદીથી સ્ત્રીઓનો પુજા સત્કાર કરવો તેમાંજ કલ્યાણની વૃદ્ધિ સમાએલીછે. જે સ્થળોમાં સ્ત્રીઓનો આદર સત્કાર થાયછે ત્યાંજ દેવતાઓ પોતાનો વાસો કરે છે, જે માણસો સ્ત્રીઓનું સનમાન કરતા નથીં, તેઓની અનેક ઉત્તમ ક્રિયાઓ નિષ્ફળ થવાનો સંભવછે, જે કુળમાં પત્નિ, પુત્રી, વહુ, બેન ઈત્યાદિ સ્ત્રીઓને વસ્ત્રાલંકાર ભોજનાદિ મળીતુ નથી તેઓ દુઃખી થાયછે, ત્યારે શ્રાપ દેછે, એટલે આશિષ નહી મળવાથી છેવટે કુળનો નાશ થવાનો અગર કંઈપણ અચાનક વિઘ્ન ઉદ્ભવવાનો સંભવ રહે છે.

માટે સુખ સંપત્તિ, સમૃદ્ધિ અને પ્રજાની કામનાવાળાઓએ સ્ત્રીઓનું સન્માન કરવું, સારા સારા વારે। અને પર્વઉપર નાના પ્રકારના વસ્ત્રાલંકાર અને ઉત્તમ પ્રકારના ભોજનાદિ વડે સંતોષ પમાડવો. જે કુળમાં પુરૂષ સ્ત્રીવડે સંતોષ પામેછે, અને સ્ત્રી

પતિ વડે સંતોષ પામેછે, અને બંનેજણ અન્યની ઇચ્છા રાખતા નથી, તે કુળનું કલ્યાણ થાયછે, વસ્ત્રાલંકારાદિથી સ્ત્રીઓની શોભા વધેછે, શોભાવધવાથી પોતાના સ્વામિને હર્ષ પમાડે છે તેથી પ્રજામાં વૃધી થાયછે, જે કુળમાં સ્ત્રીઓ કળકળે છે તે કુળ કોઈ કાળે સુખી થતુંનથી માટે સંસાર સુખઇચ્છિનારાઓએ દંપતીનાં એક ચિત થાય તેમ વર્તવું. બે બળદ બરાબર ચાલનાર હોયતોજ ગાડું સુખશાન્તિમાં ચાલશે અર્ધાંગના તે અરધું પુરૂષનું અંગજછે માટે પુરૂષનું અરધું શરીર અને સ્ત્રીનુ શરીર મળીનેજ આખુ શરીર થશે. અને એક મતથી બંને દંપતી વરતશે તોજ સુખ શાન્તિમાં દિવસ નિર્ગમન કરશે અને તેમ પરસ્પર સ્નેહ સહિત નહીં વર્તેતો દુઃખના દોહિલા દિવસોનો અનુંભવ કરવો પડશે. દુઃખ દેખશે, ફજેત થશે, અને વગર પૈસાની ભુંગળવિનાની ભવાઇનો ખેલ જોવા લોકોની વગર આમંત્રણની ઠઠપર ઠઠ ઠરશે.

લગ્ન નાનપણમાં કરવું, લ્હાવો લેવો, એવાં અતિ આગ્રહ પુર્વક કુભાર્યાઓ પતિને સતાવે છે પણ તેમના તે શબ્દો અજ્ઞાનનાં ભરેલાંજછે. છોકરાંના શત્રુ તેનાં મા બાપ હોતાં નથી, બધી તરફ વિચાર કરી સારૂં કુળ જોઈ, સારાં છોકરાં જોઈ અને ખાવા પીવાનું સારૂ જોઈ, તથા બીજાં આગળ જતાં પુર્ણ સુખજ થશે એવી ઘણી ઘણી બાબતોની ચોકસાઈ રાખી વેવિશાળ કબુલ કરે છે, પરંતુ તેઓનાગુણ એક બીજાને બરાબર મલતાં આવશે કે નહી તેની તપાસ બિલકુલ કરતાંજ નથી, અને એ ગુણદોષની તપાશ કરવી એતો મોટપણે પોતાની મેળે તપાસ કર્યા વિના થવી અશકય છે, આપણા હિંદુસ્તાનમાં પહેલાંના

વખતમાંરાજાઓ પોતાની પુત્રિઓ પરણાવવા સ્વયંવર કરતા હતા તે રીવાજ સ્તુતિપાત્ર---મારા ધારવા પ્રમાણે–ગણુવામાં આવેછે પરંતું આપણું ભરત ભૂમિનુંસ્વતંત્ર રાજ્ય પરાધિનથયા પછી કન્યાનું રક્ષણુ કરનાર તેનો પતિ હોય તો યુદ્ધ કરી કન્યા ઉપર કષ્ટો થતાં અટકાવે, તે કારણુથી બાળ લગ્ન શરૂ થયેલાં તે હાલ સુધી ચાલ્યાં આવ્યાં છે, પરંતુ હાલમાં મહારાજાધિરાજ સાતમા એડ્વર્ડ રાજાનું સુગંધી મય તેજ આખી ભારત ભૂમિમાં તથા પૃથ્વીના સઘળા ભાગમાં પ્રથક પ્રથક સ્થળે પ્રકાશમાન છે. તે રાજા પોતે આધુનીક સમયમાં સિંહ રૂપે ગ્રેટબ્રીટનમાં ટેમ્સ નદી ઉપર લંડન શહેર જે હાલની "સુવર્ણપુરી" અગર દ્વારકાં જેવી પુરી આશરે પાંચ હજાર ગાઉ ઉપરછે ત્યાંથી આપણા ઉપર અદલ ઇન્સાફથી વાઘ અને બકરી એક આરે પાણી પીએ એવા ન્યાયથી સમ દ્દષ્ટિ સહિત વિરાજીત છે. એવા રાજ્ય કર્તાના સંરક્ષણથી હવે સ્ત્રીઓનું સંરક્ષણ કરવાનો આધાર પોતાના પતિએ કરવો એમ નથી. માટે બાળ લગ્ન તજો.' આ સંસાર રૂપી નાવ સહી સલામત સુખશન્તિથી ચલાવવાને ઉછરતી પ્રજામાં બાળ લગ્ન થતાં બંધ કરો! તદન બંધ કરો! અગર સ્ત્રિ કરતાં સાત આઠ વર્ષનો તફાવત રાખી લગ્ન કરો, આ સબંધી ગાયકવાડ સિયાજીરાવ સરકાર બહાદુરે જે પોતાના રાજયની અંદર રૂલ કરેલો છે તે ઘણોજ સ્તુતિ પાત્ર ગણું છું.

પુરૂષનો ધર્મ એવો છે કે બહારથી દ્રવ્ય કમાઇ લાવવુ અને સ્ત્રીઓનો ધર્મ એવો છે કે પોતાના ધણીએ કમાઇને ઘરમાં જે દ્રવ્ય આણ્યું હોય તેનો સારો ઉપયોગ કરવો, તોજ પુરૂષની કમાએલી મિલકત સારી વ્યવસ્થા સહિત વપરાશે સ્ત્રી સા-

રી જ્ઞાનવાળી હશે અને દંપતી એક મેક સાથે સ્નેહ ભાવથી વર્તતાં હશે તોજ ઘરમાં સારી વ્યવસ્થા હશે, સંતતીનું પાળણ પોષણ સારૂં થશે અને બીજાં ઘરનાં માણસોનું પણ ભરણ પોષણ ઘરમાં સદભાર્યા હશે તોજ ચાલશે. એથી ઉલટા પરીણામ આપણે કેટલાંક ઘરમાં થતાં સાંભળીએ છીએ અને પ્રત્યક્ષ નિહાળીએ છીએ. પૂર્ણ વિચાર કરી તપાસ કરીશું તો આવી ભુંગળ વિનાની ભવાઇ કેટલીકવાર થતી પ્રત્યક્ષ અનુભવવા જઇએ છીએ તેનું મૂળ કારણ શોધતાં એકમેક દંપતી પ્રત્યે અનુરાગ હોય છે એ વિના બીજુ કારણ મળશેજ નહીં.

હવે આવી રીતે થવાનું કારણ શું છે ? તો પ્રથમ આપણા લોકોમાં બાળ લગ્ન થાય છે તેજ આગળ દંપતીમાં અનુરાગ ઉત્પન્ન કરનાર છે. માટે બાળ લગ્ન ન થાય તો ઘણુંજ સારૂં આપણા ઉષ્ણકટીબંધ પ્રદેશમાં ખાસ કુદરતનો એવો નિયમ છે કે સ્ત્રી તેર અગર ચૌદ વરસમાં ભર યુવાવસ્થામાં આવશે. અને તેટલી ઉમ્મરનો પુરૂષ છોકરો ગણાશે. એ અવસ્થા પુરૂષની સંસાર સુખ ભોગવવાની નથી પણ વિદ્યા ભણવાની છે. હવે એ કર્મમાં બંધાએલું કજોડું સુખી શી રીતે થાય ? તેનો આપણે વિચાર કરો ? “ લાકડે માંકડું વળગાડો ” તેની ફીકર નથી પણ સ્ત્રીના કરતા સાત અથવા આઠ વર્ષને તફાવતે પુરૂષ મ્હોટો હોય અને તેનાં લગ્ન થાય તો વાંધો નથી.

દોહરો.

ઘણું પરણ્યા પરણવા, પરણ્યા તજવા ચ્હાય
લક્કડ લાડુ ખાયસો ન ખાયસો પસ્તાય,

સ્ત્રી અને પુરૂષ એ જણુને ફાવતું ન આવવાથી આ સંસારરૂપી ભવસાગરમાંથી જેમ છપનીઆ કાળમાં પુરૂષ સ્ત્રીને તજીને, અને સ્ત્રી પોતાના પ્રેમાળ પતિનો વિયોગ કરી અનાજને માટે પોતાનાં ભરણ પોષણ ગુજારવાં છુટાં પડતાં હતાં, તે ફકત પેટનું પુરૂં ન થવાથી, પણ એતો " દુ;ખે પેટ અને કુટે માથું" તેમ સંસાર ઊપર ધિક્કાર આણી ચોથો પુરૂષાર્થ સાધવા કષ્ટ સહન ન થવાથી નીકળી પડે છે. સંસાર ત્યાગ કરે છે. તે સમય ન આવવા દેવો હોય અને આ ભવસાગરમાં સુખ શાન્તિથી સ્ત્રી પુરૂષનું નાવ સહીસલામત તેડે પહોંચાડવું હોય તો મનગમતાં મ્હોટી ઉમ્મરે લગ્ન થવા દો ! અગર કજોડાં આપણા નિહાળવામાં ન આવે તેમ વર્તો.

ચોથો વિભાગ.

૪ ચોથો પુરૂષાર્થ મોક્ષ છે. મોક્ષ મેળવવાની સર્વજનોએ ઉમેદવારી રાખવી જોઇએ અને તે પાર પાડવાનો સૌથી સરસ અને સુગમ રસ્તો એ છે જે આ સૃષ્ટિના ઉત્પન્ન કર્તા પરમ-દયાળુ પરોપકારી પરમેશ્વરની આપણે એક નિષ્ટાથી સદભકિત આદરી પરમાત્માના અખંડ ભકત થવું, તેથી પરમ દયાળુ પરમેશ્વર સમ દ્રષ્ટિ રાખી સાનુકુળ થશે, એ ટેવ બાલ્યાવસ્થા-થીજ પાડવાની છે, કુમળું વ્રક્ષ જેમ વાળવું હોય તેમ વળે છે, તેમ બાલ્યાવસ્થામાં જેવી સારી આદતોએ ચઢાવશું ને ગ્રહણ કરશે, તેનાં કરતાં અધિક યુવાવસ્થામાં અને તેનાં કરતાં પણ અધિક વૃધ્ધાવસ્થામાં રાખવી જોઇએ, નહિ તો પાછલથી પસ્તાવો કરેલો વ્યર્થ જશે. માટે પ્રથમથીજ ચેતવું અને ચેતવવાને તેના વાલીઓ અથવા સંગતના ખાસ સોબતીઓ સારા સુજ્ઞ પુરૂષોનાં સદાચરણોનું અનુકરણ કરી વર્તનારા હશે તોજ તેઓની અસર-થી પાછળનો વસ્તાર પણ આચરણો શીખનાર થશે.

श्लोक.

चला लक्ष्मि श्चलाः प्राणाश्चलं जीवत योवनम्
चलाचलेच संसारे धर्म एकोहिनिश्चलः

આ ઉપરથી સ્પષ્ટ માલુમ પડે છે કે આ સૃષ્ટિ ઉપર

જે પદાર્થ પ્રાણી વનસ્પતિ, જીવ જંત વિગેરે નામ વાળી વસ્તુ આપણા નિહાળવામાં કે સાંભળવામાં આવે છે તે સર્વનો કોઇ પણ સમયે નાશ થવાનો સંભવ છે.

અમર કંઇ પણ પદાર્થ નથી. ફક્ત ધર્મનો નાશ થતો નથી. જે ફુલ્યું છે તે કરમાશે, અને લીલું સુકું થશે, ચડે તે પડે તો આ સ્થુલ શરીરના પંચતત્વો વિખરાઇ જઇ આત્માનું ફાળાં તરે શું થશે તેનો વિચાર કરો?

આ સૃષ્ટિમાં સર્વ કોઇની માયારૂપી મોહનીગારથી લીપાઇ ગએલી બુદ્ધિઓને નિત્યની ટેવરૂપી કોલનો છાંદો એવો સજડ વાગ્યો છે કે આંખ આગળ બનતા બનાવો પણ લઘુ મનાય છે. નખમાં બિલકુલ રોગ ન હોય, એવો માણસ ગળતે ગળતે છ મહિના થાય એવો શરીરનો બાંધો હોય, વાઢયો વઢાય નહીં, એવો મજબુત દેહ હોય, એવો પુરૂષ પણ એક ધડીના છઠ્ઠા ભાગમાં મરી જાય છે, ઉડી જાય છે, ગુમ જાય છે, તે જોઇને પણ અનીતિ અને અધર્મના આચરણો આચરનારાઓ બિલકુલ આચકો ખાતા નથી, તેઓની ભવિષ્યમાં કેવી ગતિ થશે? અરે મરવાનું તો આ રહ્યું? છતાં મનુષ્યો પોતાની ખરાબ વર્ત્તણુંકો સુધારતાજ નથી, એ તે શું? શો ચડસ ? જે વસ્તુ જવાનીછે રાખી રહેવાની નથી, તેમાં સુજ્ઞજનને પરાધિનતા કેમ ગમે? નહી તો કોણ નથી જાણતું કે મહાશંકર અને અનર્થ કરી સચિત કરેલું ધન, અતિ કષ્ટ સહન કરી ઉછેરેલો પુત્ર, અને મહાદંભ રાખી મેળવેલી કીર્તિ, તે પણ અહીંની અહીંજ મુકીને જવાનું છે. અરે? જેને આપણે સાથે લઇને આવીએ છીએ, અને જેની આટલી બધી સેવા બજાવીએ છીએ. તે કંચન સરખી કાયા

પણ આખરે બળી ને ખાખ થઇ જશે તો બીજાની શી વાત ?
આ કાળ મહોદધિમાં કેટલા થાય ? અને કેટલા ગયા ? છતાં મનુષ્યો કેમ નથી સમજતા !

આહો ! શો, મોહનો પ્રભાવ ? આ સંસારમાંની ક્ષીણ વસ્તુઓ ઉપરથી ચિત્ત ઉઠાવે છે, ત્યારે કહેવાતા આપણા ધર્મ ગુરૂઓ માન કે યશને માટે કેવાં ફાંફાં મારે છે ? માન આપનારા મરીજવાના, લેનાર મરી જવાના, ત્યારે માન એ શું ? કીર્તિ એ શું ? યુદ્ધમાં હજારોના ઘાણ કાઢી નાખનાર એટલે પોતાના ભાઇઓનુંજ ખુન કરનાર આ કીર્તિના આગેવાનો થાય, ત્યારે કીર્તિ તે કીર્તિ નહીં, પણ અકીર્તિજ છે માટે આ સઘળું નિહાળી મનની સાથે મનન કરવાથી નીચેના અસરકારક વાકયો વારંવાર અધ્યયન અનુસરી "આ કહેણી પ્રમાણે કહેવા કરતાં કરી દેખાડવામાં" અતિશય લાભ સમાએલો છે.

૧ મુલ તત્વ રાખવામાં માઠાં ફળ, ૨ સદ્દગુરૂને શરણે જવું, તેમની કૃપા પ્રસાદિ મેળવવામાં અતિ ભાવથી સેવા બજાવવી, ૩ સદ્દગુરૂના વિશ્વાસ ઉપર દ્રઢ વિશ્વાસ રાખવો, ૪ એકજ માર્ગનું અનુસરણ કરવું, ૫ સંગતિ સાધુ સંતની કરવી, અગર સજ્જનની કરવી, અને સારાં થોડાં પુસ્તકો વાંચી, મનન કરી. તેનુંજ અધ્યયન કર્યા કરવું, ૬ વિશયાધિન ન થવું, ૭ શત્રુઓને મિત્ર કરવા, ૮ નિરંતર સારાસારનો વિચાર કરવો, ૯ પ્રાણી માત્ર ઉપર દયા રાખવી, ૧૦ કર્ત્તાપર દ્રઢ આસ્થા રાખી સદુદ્યોગ આચરવો.

આધુનિક સમયમાં આપણા ધર્મોપદેશક ગુરૂઓ ઉપર ઉપરથી એવા દંભી દેખાય છે કે તેઓનાં આચરણો પોતાની